# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10/11/2025** **Morning : 7.10 to 7.20**
**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **રાજ્યમાં ગઇકાલથી શરૂ થયેલી ટેકાના ભાવની ખરીદીમાં ખેડૂતોનો ઉત્સાહ નજરે ચઢ્યો.**
2. **રાજ્યમાં જનજાતિય ગૌરવ વર્ષની ઉજવણી અંતર્ગત રેલી , નિબંધ સ્પર્ધા અને વકૃત્વ સ્પર્ધા જેવા વિવિધ કાર્યક્રમો યોજાયા.**
3. **એકતાનગરને પ્રવાસન ધામ તરીકે વિકસાવવાની રાજ્ય સરકારની કામગીરીની પ્રસંશા કરતા ઓડિશાના રાજ્યપાલ.**
4. **ગીર સોમનાથ સાયબર ક્રાઇમ ટીમે પાંચ શખ્સોને ઝડપીને એક કરોડ 71 લાખની ગેરકાયદે લેવડદેવડ ઝડપી.**
5. **તાપમાનનો પારો ગગડતા રાજ્યમાં ઠંડીનુ પ્રમાણ વધ્યું.**

-----------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# TEKANA BHAVE KHARIDI

રાજ્યભરમાં ગઇકાલથી મગફળી સહિતના ખરીફ પાકની ખરીદી શરૂ થઇ છે . ખરીદીને લઈને ખેડૂતોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. વાવ-થરાદ જિલ્લાના થરાદ ખાતે પણ મગફળીની ખરીદી શરૂ કરવામાં આવી હોવાનું થરાદ ખરીદ વેચાણ સંઘના અધ્યક્ષ જીવરાજ પટેલે જણાવ્યું હતું.

## (બાઈટ - જીવરાજભાઈ પટેલ, ચેરમેન ખ.વે.સંઘ)

અમરેલી જિલ્લામાં નાફેડ દ્વારા રાજુલા , સાવરકુંડલા, ખાંભા, ધારી અને બગસરા સહિત પાંચ કેન્દ્રો પર ટેકાના ભાવે મગફળીની ખરીદીનો પ્રારંભ કરાયો છે. મગફળીની ખરીદી પ્રતિ ક્વિન્ટલ 1 હજાર 452 રૂપિયાના ટેકાના ભાવે કરવામાં આવી રહી છે.

પાટણ જિલ્લામાં પણ સમી , વારાહી અને સિદ્ધપુર ખાતે ખરીદી કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે. રાજકોટમાં ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ , ગોંડલ ખાતે ટેકાના ભાવે ખરીદીનો પ્રારંભ થયો છે. ગોંડલ તાલુકામાં ૩૨ હજાર જેટલા ખેડૂતોએ ઓનલાઇન રજીસ્ટ્રેશન કરાવ્યું છે.

---

# JNJATI GAURAV YATRA

રાજ્યમાં જનજાતિય ગૌરવ વર્ષની ઉજવણી અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાઇ રહ્યા છે. જે અંતર્ગત ગઇકાલે જનજાતિય ગૌરવ યાત્રા અરવલ્લીના મેઘરજ ખાતે પહોંચી હતી. જેમાં આદિજાતિ રાજ્ય મંત્રી પી. સી. બરંડાએ ભાગ લીધો હતો.

જિલ્લાના વિવિધ તાલુકા મથકોમાં ભગવાન બિરસા મુંડાના રથનું ઉત્સાહભેર સ્વાગત કરવામાં આવી રહ્યું છે.

બીજી તરફ આગામી 15 નવેમ્બરે ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણીના આયોજન અંગે રાજકોટમાં ક્લેક્ટર કચેરી ખાતે વિવિધ વિભાગોની સમીક્ષા બેઠક યોજાઈ હતી.

આ ઉજવણી નિમિત્તે શહેરની શાળા અને કોલેજોમાં ભગવાન બિરસા મુંડાના જીવન-કવન અંગે વકતૃત્વ અને નિબંધ સ્પર્ધા તથા જાહેર સ્થળોએ સ્વચ્છતા અભિયાન સહિતના કાર્યક્રમો યોજાશે.

---

## HARSH SANAGHVI

નાયબ મુખ્ય મંત્રી હર્ષ સંઘવીએ જનજાગૃતિ સભા ડોલવણ ખાતે સંબોધતા જણાવ્યું કે, ભાજપ સરકાર હંમેશા આદિજાતિ લોકો સાથે છે, બે ત્રણ દાયકા પહેલા ભગવાન બિરાસમુંડાને કોઈ સરકારે યાદ કર્યું ન હતું, ત્યારે ભાજપ સરકાર તેને સાર્થક કરી ભગવાન બિરસા મુંડાજીનો જન્મ દિવસની ઉજવણી કરી રહ્યું છે.

તેમણે પોતાના સંબોધનમાં પ્રધાનમંત્રીની ડેડિયાપાડાના કાર્યક્રમની વિગતો પણ લોકોને આપી હતી.

## બાઈટ હર્ષ સંઘવી,નાયબ મુખ્ય મંત્રી

---

# CHOTAUDEPUR MALKA PATEL

જિલ્લા પંચાયત પ્રમુખ મલકાબેન પટેલ દ્વારા રાજ્ય સરકારે જાહેર કરવામાં આવેલ કૃષિ રાહત પેકેજને આવકાર્યું હતું.

તેમણે કહ્યું કે , ખેડૂતો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી રાજ્ય સરકાર દ્વારા ખેડૂતો માટે ૧૦ હજાર  કરોડ રૂપિયાના  કૃષિ રાહત પેકેજ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં ખેડૂતોની કપરી  પરિસ્થિતિમાં તેમને રાહત મળશે.

## બાઇટ- મલકાબેન પટેલ, જિ. પં. પ્રમુખ, છોટાઉદેપુર

---

# ORISSA CM VISIT

ઓડિશાના રાજ્યપાલ ડો. હરિ બાબુ કંભમપતિએ ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની મુલાકાત લીધી હતી.     સરદાર વલ્લભભાઈ પટેલની 150ની જન્મજયંતિના ઉપલક્ષ્યમાં એકતાનગર ખાતે આ વર્ષે રાષ્ટ્રીય એકતા દિવસ ઉજવણી સાથે આયોજિત ભારત પર્વમાં ઓડિશા રાજ્યપાલ ઉપસ્થિત રહ્યા હતા.

એકતાનગરની મુલાકાત બાદ તેમણે ગાંધીનગરમાં મુખ્યમંત્રી સાથે મુલાકાત કરીને રાજ્યમાં થયેલા વિકાસની પ્રસંશા કરી હતી.

એકતાનગરને એક સંપૂર્ણ વિશ્વ પ્રવાસનધામ તરીકે વિકસાવવાની રાજ્ય સરકારની સફળતાની તેમણે સરાહના કરી હતી.

---

# GIR SOMNATH CYBER CRIME

ગીર સોમનાથ સા ઈબર ક્રાઇમ ટુકડીએ છેતરપિંડી કરતા 5 શખ્સોને ઝડપી લીધા છે. પોલીસ તપાસ દરમિયાન 1.71 કરોડ રૂપિયાના ગેરકાયદે વ્યવહાર બહાર આવ્યા છે. આ શખ્સો દ્વારા લોકોના બેન્ક ખાતાની માહિતી મેળવી તે ખાતા દ્વારા બોગસ વ્યવહાર કરવામાં આવતા હતા.

આ અંગે ગીર સોમનાથ સાયબર ક્રાઇમ શાખાના ઇન્ચાર્જ એસ.વી.રાજપૂતે વધુ માહિતી આપી.

## (બાઇટ : એસ.વી.રાજપૂત, ઇ.સાયબર ક્રાઇમ)

---

# WEATHER

રાજયમાં તાપમાનનો પારો ગગડતા ઠંડીનો ચમકારો વર્તાઇ રહ્યો છે. ખાસ કરીને મોડી રાતે અને વહેલી સવારે વાતાવરણમાં ઠંડક અનુભવાઈ રહી છે. છેલ્લા 24 કલાકમાં સૌથી ઓછું નલિયા , વડોદરા અને મહુવા ખાતે 14 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.

અમદાવાદ અને આસપાસના વિસ્તારોમાં લઘુત્તમ તાપમાન 15 ડિગ્રી સેલ્સિયસની આસપાસ નોંધાયું હતું. હવામાન વિભાગે આગામી 7 દિવસ દરમિયાન રાજયમાં લઘુત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નહિવત હોવાનું જણાવ્યુ હતું.

---

# SAPUTARA TOURISM

ગુજરાતના એકમાત્ર ગિરિમથક સાપુતારા હવે ધીમે ધીમે શિયાળાના સ્વાગત માટે સજ્જ થઈ રહ્યુ છે. હવામાનમાં પલટો આવતા અહીં ઠંડીનો પગરવ સંભળાવા લાગ્યો છે.આહ્લાદક અને ખુશનુમા વાતાવરણ વચ્ચે કુદરતી સૌંદર્યનો આસ્વાદ માણવા રવિવારે પ્રવાસીઓ મોટી સંખ્યામાં સાપુતારા તરફ આવી રહ્યા હતા.

જિલ્લાના અન્ય વિસ્તારોની સરખામણીએ સાપુતારાનું તાપમાન નીચું રહેતા અહીંની ઠંડક માણવાલાયક બની છે. નીચુ તાપમાન ખાસ કરીને વહેલી સવારે અને સૂર્યાસ્ત પછી પર્યટકોને ગરમ વસ્ત્રો પહેરવા માટે મજબૂર કરી રહ્યું છે.

વહેલી સવારે ધુમ્મસના આચ્છાદન વચ્ચે સનરાઇઝ પોઈન્ટ પરથી સૂર્યોદયના દ્રશ્યો નિહાળવા પ્રકૃતિપ્રેમીઓનો મેળાવડો જમ્યો હતો.

---

# FOOTBALL

રાજકોટ જિલ્લા રમતગમત અધિકારીના સંયુક્ત ઉપક્રમે રાજયકક્ષાની અંડર-14 ભાઈઓની ફૂટબોલ સ્પર્ધાનું આયોજન ચાર નવેમ્બરથી આઠ નવેમ્બર સુધી રેસકોર્ષ ફૂટબોલ મેદાન રાજકોટ ખાતે કરાયું હતું. ભાઈઓની અંડર-14 ફૂટબોલ સ્પર્ધામાં પ્રથમ ક્રમે વડોદરા શહેર, બીજો ક્રમ રાજકોટ શહેર અને ત્રીજો ક્રમ આણંદનો ટીમનો હતો.

---

# RANJI THOPHY – SURAT

સુરતમાં મેઘાલય અને અરુણાચલ વચ્ચે રમાયેલી રણજી ટ્રોફીની ક્રિકેટ મેચમાં મેઘાલયના આકાશ ચૌધરીએ આઠ બોલમાં આઠ છગ્ગા સાથે માત્ર 11 બોલમાં અડધી સદી ફટકારીને વિક્રમ સર્જ્યો છે.

આ સાથે આકાશ એક ઓવરમાં 6 બોલમાં 6 છગ્ગા ફટકારનાર ગેરી સોબર્સ અને રવિ શાસ્ત્રી બાદ ત્રીજો ખેલાડી બન્યો છે. મેઘાલયની ટીમે 6 વિકેટે 628ના સ્કોર સાથે પ્રથમ ઇનિંગ ડિકલેર કરી ત્યારે આકાશ 8 છગ્ગા સાથે 50 રને અણનમ રહ્યો હતો.

---

## MEDICAL DENTAL ADDMISSION

રાજ્યમાં મેડિકલ અને ડેન્ટલમાં ત્રણ રાઉન્ડને અંતે સાત હજાર 867 વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો છે. હવે બાકી રહેલી 234 બેઠકો માટે હવે ચોથો રાઉન્ડ યોજાશે.

આ વર્ષે એક સરકારી અને એક ખાનગી મેડિકલ કોલેજ સહિત અન્ય કોલેજોમાં બેઠકોમાં વધારો થતા આ વર્ષે 300 બેઠકો વધી હતી.

---

## DARU NASH

વલસાડ જિલ્લામાં 5.29 કરોડથી વધુ કિંમતનો 1.99 લાખથી વધુ વિદેશી દારૂનો જથ્થો નાશ કરવામાં આવ્યો છે. આ દારૂ 1લી જુલાઈથી 30મી સપ્ટેમ્બર, 2025 દરમિયાન પ્રોહીબિશન એક્ટ હેઠળ ઝડપાયો હતો.

જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ જિલ્લાના વિવિધ પોલીસ સ્ટેશનો દ્વારા કડક ચેકિંગ અભિયાન ચલાવીને આ જથ્થો જપ્ત

કરવામાં આવ્યો હતો. ઝડપાયેલા દારૂના મુદ્દામાલનો નાશ કરવા માટે નિયમ મુજબ SOP પ્રક્રિયાનું પાલન કરવામાં આવ્યું હતું.

સંબંધિત કોર્ટના હુકમો મેળવી પ્રાંત અધિકારીઓને રજૂઆત કરાઈ હતી. મંજૂરી હુકમો મળ્યા બાદ ભીલાડ RTO ચેક પોસ્ટ ખાતે પારડી, ધરમપુર અને વલસાડ વિભાગના પ્રાંત અધિકારીઓ, નશાબંધી અને આબકારી વિભાગના અધિકારીઓ તેમજ તમામ થાણા અધિકારીઓની હાજરીમાં આ મુદ્દામાલનો નાશ કરવામાં આવ્યો.

---